# દેશમાં કોરોનાના ૮૬,૫૦૮ પોઝિટિવ કેસ

## દેશમાં કુલ કોરોના સંક્રમિતોનો આંકડો ૫૭ લાખને પાર : વધુ ૧૧૨૯ના મોત સાથે કુલ મૃત્યુઆંક ૯૦,૦૦૦ને પાર, ૧૩ દિવસમાં ૧૫૦૦૦થી વધુના મોત

ન્યુ દિલ્હી,તા.૨૪

ભારતમાં કોરોના વાયરસનું સંક્રમણ પૂર ઝડપે ફેલાઈ રહ્યું છે. સમગ્ર વિશ્વમાં કોરોના વાયરસના સૌથી વધારે કેસ ધરાવતા દેશોની યાદીમાં ભારત દેશ બ્રાઝીલને પાછળ છોડીને બીજા સ્થાન પર પહોંચી ગયો છે.

સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા પ્રમાણે ગુરૂવાર રોજ છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૮૬૫૦૮ નવા કેસ નોંધાયા છે. આ સાથે જ સંક્રમિતોની કુલ સંખ્યા ૫૬૪૬૦૧૦ સુધી પહોંચી ગઈ છે. દેશમાં સતત છેલ્લા પાંચ દિવસથી કોરોના વાયરસના સંક્રમણમાંથી સ્વસ્થ્ય થનારા લોકોની સંખ્યા નવા નોંધાતા સંક્રમિતોના કેસો કરતા વધારે નોંધાઈ રહ્યા છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૮૭૩૭૪ દર્દીઓ કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ્ય થઈ ગયા છે. આ સાથે જ આ આંકડો વધીને ૪૬૭૪૯૮૭ સુધી પહોંચી ગયો છે. જેનાથી સ્પષ્ટ થાય છે કે ગુરૂવાર સવારે દેશભરમાં કોરોના વાયરસના એક્ટિવ કેસનો આંકડો ૯૬૬૩૮૨ સુધી પહોંચ્યો છે.

છેલ્લા ૨૪ કલાક દરમિયાન દેશમાં ૧૧૨૯ લોકોએ કોરોના સંક્રમણને કારણે અંતિમ શ્વાસ ભર્યા છે. આ સાથે જ કોરોના સંક્રમણના કારણે મૃત્યુ પામનાર દર્દીઓનો આંકડો વધીને ૯૧૧૪૯ સુધી પહોંચી ગયો છે. જો કે, એક સારી બાબત એ પણ છે કે ભારતમાં ધીમે ધીમે કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ્ય થનારા લોકોની સંખ્યા પણ વધી રહી છે. જેને કારણે ભારતમાં હવે કોરોના વાયરસનો રિકવરી રેટ સામાન્ય વધારા બાદ ૮૧.૫૫ ટકા સુધી પહોંચ્યો છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈ કાલે કોરોનાથી સૌથી વધુ પ્રભાવિત રાજયો મહારાષ્ટ્ર, કર્ણાટક, ઉત્તર પ્રદેશ, તામિલનાડુ, દિલ્હી અને પંજાબના મુખ્યમંત્રીઓ સાથે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા વાતચીત કરી. બેઠકમાં ગૃહમંત્રી અમિત શાહ અને રક્ષામંત્રી રાજનાથ સિંહ પણ હાજર રહ્યા હતાં. આ વર્ચ્યુઅલ બેઠકમાં પીએમ મોદીએ કહ્યું કે દેશમાં ૭૦૦થી વધુ જિલ્લા છે. જેમાં ભયજનક સ્થિતિવાળા ૬૦ જિલ્લા છે. સાત રાજ્યોના આ ૬૦ જિલ્લાઓ પર ધ્યાન આપવાની જરૂર છે.

### કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિકવર |
|---|---|---|---|
| વિશ્વ | ૩૨૧૯૨૫૮૧ | ૯૮૩૫૪૬ | ૨૬૪૫૨૧૧૮ |
| ભારત | ૫૭૭૬૭૯૫ | ૯૧૫૮૩ | ૪૭૧૧૫૦૪ |
| ગુજરાત | ૧૨૮૯૪૯ | ૩૩૮૪ | ૧૦૯૩૧૧ |
| ગાંધીનગર | ૩૪૦૦ | ૧૯૨ | ૨૭૫૪ |

# રાજ્યમાં ૨૪ કલાકમાં વધુ નવા ૧૪૦૮ કેસ

## ૫,૯૮,૯૯૬ વ્યક્તિઓને ક્વોરોન્ટાઈન કરાઈ : અત્યાર સુધીમાં ૩૩૮૪ લોકોનાં મૃત્યુ થયા,૧૦૯૨૧૧ લોકો ડિસ્ચાર્જ થયા : કુલ ૮૯ લોકો વેન્ટિલેટર ઉપર છે

રાજ્યમાં ૬૧,૯૦૪ કોરોનાના ટેસ્ટ કરાતા ૧૪૦૮ પોઝિટિવ કેસ નોંધાયા છે. આ સાથે રાજ્યમાં કોરોના સંક્રમિતનો કુલ આંકડો ૧,૨૮,૯૪૯ થયો છે. આજે ૧૪ દર્દીઓના કોરોનાને લીધે મોત થતા કુલ મૃત્યુઆંક ૩૩૮૪ થયો છે. આજે ૧૫૧૦ દર્દીઓ સાજા થતા કુલ ડિસ્ચાર્જનો આંકડો ૧૦૯૨૧૧ થયો છે. રાજ્યમાં આજની સ્થિતિએ ૧૬૩૫૪ એક્ટિવ કેસ છે. જેમાં ૮૯ વેન્ટીલેટર પર ૧૬૨૬૫ સ્ટેબલ છે. રાજ્યમાં આજે ફરીથી કોરનાના કેસ ૧૪૦૦ને પાર થયાં છે. રાજ્યમાં અત્યાર સુધીમાં ૪૦ લાખને પાર ૪૦,૪૮,૨૭૪ ટેસ્ટ થયા છે અને સાજા થવાના દર ૮૪.૬૯ ટકા થયો છે. આજની સ્થિતિએ કુલ ૫,૯૮,૯૯૬ કુલ વ્યક્તિઓને ક્વોરોન્ટાઈન કર્યા છે. જેમાં ૫,૯૮,૬૧૨ લોકોને હોમ ક્વોરન્ટાઈન અને ૩૮૪ લોકોને ફેસીલીટી ક્વોરન્ટાઈન કરવામાં આવેલ છે. રાજ્યમાં આજે કોવિડ-૧૯ના લીધે ૧૪ દર્દીના મોત થયા છે. જેમાં અમદાવાદમાં ૩, સુરત જિલ્લામાં ૨ અને શહેરમાં ૩, રાજકોટ શહેરમાં ૨ અને જિલ્લામાં ૧, વડોદરામાં શહેર અને જિલ્લામાં ૧-૧, ગાંધીનગરમાં ૧ મોત નોંધાયા છે. અમદાવાદ શહેરમાં ૧૫૬ અને જિલ્લામાં ૨૭ સાથે ૧૮૩ કેસ કોરોનાના આજે નોંધાયા છે. આ સાથે કુલ સંક્રમિતનો આંકડો ૩૫૬૭૨ થયો છે. જ્યારે આજે ૩ મોત સાથે કુલ મૃત્યુઆંક ૧૭૯૫ પર પહોંચ્યો છે. સુરત શહેરમાં ૧૭૬ અને જિલ્લામાં ૧૦૨ સાથે કુલ ૨૭૮ કેસ નોંધાતા કુલ સંક્રમિતનો આંકડો ૨૭ હજારને પાર થઈ ૨૭૧૯૨ થયો છે. આજે ૫ દર્દીના મોત થતા મૃત્યુઆંક ૭૫૧ થયો છે. વડોદરા શહેરમાં ૯૧ અને જિલ્લામાં ૪૨ સાથે ૧૩૩ કોરોનાના કેસ નોંધાયા છે. આજે ૨ ના મોત થતા કુલ મૃત્યુઆંક ૧૭૪ થયો છે. રાજકોટ શહેરમાં ૧૦૨ અને જિલ્લામાં ૪૫ સાથે ૧૪૭ કેસ નોંધાતા કુલ સંક્રમિતનો આંક ૮૩૧૭ થયો છે. આજે ૩ મોત સાથે મૃત્યુઆંક ૧૩૦ થયો છે. જામનગર શહેરમાં ૯૧ અને જિલ્લામાં ૭ સાથે ૯૮ કેસ નોંધાતા કુલ સંક્રમિતનો આંકડો ૫૪૮૫ થયો છે.

## કલેક્ટર કચેરીમાં બે કર્મયોગી અને ૪ મુલાકાતી માસ્ક વિના જણાતાં દંડ વસુલાયો

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લા સેવાસદનમાં કોરોનાના કેસો નોંધાયા બાદ હરકતમાં આવેલા તંત્રએ માસ્ક પહેર્યા વિના આવેલા ૪ મુલાકાતી તેમજ બે કર્મયોગીઓ સામે આજે દંડનીય કાર્યવાહી કરવામાં આવી છે. મળતી વિગતો પ્રમાણે કોરોનામાં અગાઉ એક નાયબ કલેક્ટર સંક્રમિત થયા હતા આ પછી એક નાયબ મામલતદાર પણ સંક્રમિત થયા છે. તો છેલ્લા બે દિવસમાં જિલ્લા સબ રજીસ્ટ્રાર વિરાણી કોરોનાથી સંક્રમિત થયા છે.



હરકતમાં આવેલ તંત્ર દ્વારા આજે માસ્ક પહેર્યા વિના ફરતા લોકો સામે દંડનીય કાર્યવાહી કરવાનો નિર્ણય કરી તપાસ હાથ ધરી હતી. જેમાં બે કર્મયોગીઓ ઓફિસમાં માસ્ક પહેર્યા વિનાના જણાતા તેમની સામે દંડનીય કાર્યવાહી કરવામાં આવી હતી.

તંત્રની ટીમોએ હાથ ધરેલી તપાસમાં ૪ મુલાકાતી પણ માસ્ક વિના ફરતા જણાતાં તેમની સામે દંડનીય કાર્યવાહી કરી હતી.

ગાંધીનગર પ્રાંત અધિકારી ભોરણિયાના જણાવ્યા પ્રમાણે આજે રૂ. ૬ હજારનો દંડ વસુલવામાં આવ્યો છે. આ ઝુંબેશ આગામી દિવસોમાં પણ ચાલુ રાખવામાં આવશે.

જિલ્લામાં કોરોનાનું સંક્રમણ વધી રહ્યું છે ત્યારે તંત્રએ માસ્ક માટે દંડ વસુલવાનું અભિયાન પુનઃ હાથ ધર્યુ છે. અગાઉ મનપાની ટીમો અને જિલ્લાતંત્ર દ્વારા આ ઝુંબેશ હાથ ધરાઈ હતી હવે જિલ્લા તંત્રએ આ પહેલ કરી છે.

# મેઘરજ તાલુકામાં અધિકારી રાજ

## ભાજપના તાલુકા પંચાયત પ્રમુખ ખુદ નિઃસહાય : તાલુકામાં એટિવિટી યોજના હેઠળ વિકાસના કામો બદલાઈ જતા રદ કરવા રજુઆત

મેઘરજ, તા. ૨૪

અરવલ્લી જીલ્લામાં અધિકારી રાજ ચાલી રહ્યું હોવાની હોવાનો કોંગ્રેસના પદાધિકારીઓ અનેકવાર બૂમો પાડી ચુક્યા છે. ત્યારે મેઘરજ તાલુકા પંચાયતમાં



સાથે અધિકારીઓ રાજ્ય સરકારના આદેશ અનુસાર જીલ્લાનો વહીવટ કરી રહ્યા ભાજપ સત્તાધારી પક્ષ છે ત્યારે તાલુકા પંચાયત પ્રમુખ સુરતાબેન ડામોરે તાલુકામાં વર્ષ-૨૦૨૦-૨૧ના એટીવીટી યોજના હેઠળ વિકાસના કામોમાં પંચાયત પ્રમુખ અને કમિટીએ સૂચવેલ વિકાસના કામોની યાદી બદલાઈ જતા સમસમી ઉઠ્યા હતા અને આ અંગે પ્રભારી મંત્રી રમણ પાટકર અને કલેક્ટરને લેખિત રજુઆત કરી એટીવટી હેઠળ વિકાસના કામો રદ કરી નાખવા માંગ કરતા જીલ્લા આયોજન અધિકારીએ પ્રાંત અધિકારી મોડાસાને મેઘરજ તાલુકાના એટીવીટી વર્ષ૨૦૨૦-૨૧ના વિકાસના કામો રદ કરવા અંગે સ્પષ્ટતા માંગતા મેઘરજના સ્થાનિક રાજકારણમાં ગરમાવો આવી ગયો છે.

મેઘરજ તાલુકાના વિકાસ માટે સરકાર વર્ષે દહાડે કરોડો રૂપિયાની ગ્રાંટ ફાળવવા છતાં અંતરિયાળ વિસ્તારો વિકાસથી જોજનો દૂર છે. મેઘરજમાં વિકાસના કામોમાં થતો લખલૂંટ ભ્રષ્ટાચાર જગજાહેર છે કામો મંજુર કરાવવા વહીવટ અનિવાર્ય બની ગયો છે ત્યારે મેઘરજ તાલુકા વિકાસના કામો અંગે ફરીથી કમીટી બોલવામાં આવેની માંગ કરી વિકાસના કામો સ્થગીત કરવા જીલ્લા પ્રભારી મંત્રી અને કલેક્ટરને લેખીત રજુઆત કરતા પંચાયત પ્રમુખ સુરતાબેન ડામોરે તાલુકામાં એટીવીટીના કામો અંગે કમિટીમાં નક્કી કરેલ વિકાસના કામો બદલાઈ જતા આ અંગે ખળભળાટ મચ્યો છે. ત્યારે મેઘરજ તાલુકામાં અધિકારી રાજ ચાલતું હોવાનું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે.

### તાલુકામાં એટીવીટી યોજના હેઠળ વિકાસના કામો કઈ રીતે નક્કી થતા હોય છે

તાલુકામાં દરવર્ષે એટીવીટી યોજના હેઠળ વિકાસના કામો કરવામાં આવે છે જેમાં પ્રાંત અધિકારી,ધારાસભ્ય, તાલુકા પંચાયત પ્રમુખ અને ત્રણ સભ્યોની કમીટી વચ્ચે બેઠક મળતી હોય છે જેમાં સર્વાનુમતે તાલુકામાં વિકાસના કામો અંગે ચર્ચા કરી જરૂરિયાત પ્રમાણે વિકાસના કામોના વિસ્તાર નક્કી કરવામાં આવે છે અને આ અંગે દરખાસ્ત કરી જીલ્લા આયોજન અધિકારીને મોકલી આપવામાં આવે છે.

## ત્રણ કૃષિ સુધારાઃ શંકાઓનું સમાધાન કરી વિશ્વાસનું વાવેતર કરવાનો સરકારનો અભિગમ

તાજેતરમાં સંસદમાં પસાર થયેલા ૩ કૃષિ વિધેયક ખેડુતોની ભાવિ મુશ્કેલીઓ ઓછી કરવામાં મદદરૂપ થશે. આજે દેશના ખેડૂતોની કોઈ મોટામાં મોટી સમસ્યા હોય તો તે પોતે પકવેલી પેદાશોના પોષણક્ષમ ભાવો મેળવવાની છે. પૂરતા ભાવોના અભાવે તેને ખેતી પરવડતી નથી અને તેનો ખેતીમાંથી રસ-કસ ઊડી જઈ રહ્યો છે. ખેડૂતોની સ્થિતિ સુધારવા સમયાંતરે કેન્દ્ર અને રાજ્ય સરકારો દ્વારા પગલાં લેવામાં આવ્યા છે. પરંતુ મુખ્ય પ્રશ્ન પોષણક્ષમ ભાવોનો છે. ખેડૂત પોતે અન્ય ઉત્પાદકોની પેઠે પોતાની પેદાશોના પોતે ભાવ નક્કી કરી શકતો નથી. તેને બીજાએ નક્કી કરેલા ભાવે પોતાની પેદાશો વેચવી પડે છે.

જ્યારે દેશમાં પૂરતા વાહનવ્યવહાર અને પાકા રસ્તાની સગવડ નહોતી. ખેડૂત શિક્ષિત નહોતો ત્યારે બળદગાડામાં પોતાની પેદાશો લઈને ગામથી ૫-૧૦ કિ.મી. દૂર આવેલા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ (એપીએમસી)માં વેચવા જતો. આમ તેની પાસે પોતાનો પકવેલો માલ એપીએમસી સિવાય બીજે ક્યાંય વેચવાનો વિકલ્પ નહોતો તથા તેને એપીએમસીમાં જ વેચવો પડતો. આથી તેને તેના પૂરતા ભાવો મળતા ન હતા. ત્યાં પણ વેપારીઓ જાહેર હરાજી થકી ભાવો નક્કી કરતા. બજાર સમિતિઓને સેસની આવક થતી. આમ વચેટિયાઓને ફાયદો થતો. ખેડૂતોને તોલાઈમાં અન્યાય થતો. વેપારીઓ સિન્ડિકેટ બનાવીને વધુ ભાવ આપતા ન હતા પણ ખેડૂત પાસે બીજો વિકલ્પ ન હોવાથી અને તેને માલ વેચણના રોકડ નાણાં તરત જ મળતા હોવાથી તેને એપીએમસીમાં આજે પણ વિશ્વાસ ટકી રહ્યો છે.

આમ આ સુધારાથી ખેડૂતો વચેટિયાની પકકડમાંથી મુક્ત થઈને પોતાની ઈચ્છાનુસારના ભાવે પોતાની પેદાશો વેચી શકશે તેવી સ્વતંત્રતા તેમને મળશે. ખેડૂતને માલ વેચવા જવાનો વાહનવ્યવહાર ખર્ચ બચશે અને તેને રાષ્ટ્રીય બજાર મળશે તેમજ શોષણખોરીમાંથી મુક્તિ મળશે. આમ જ્યાં જે પેદાશોનું વધુ ઉત્પાદન થતું હતું ત્યાં તેને સારા ભાવ મળશે અને જે વિસ્તારમાં તે વેચાવા જશે ત્યાં ઉપભોકતાને પણ વાજબી ભાવે તે ચીજો મળી રહેશે.

બીજા સુધારા મુજબ ખેડૂતો પોતાની જમીન કોન્ટ્રાક્ટ પર ખેતી કરી શકશે. સરળ ભાષામાં કહીએ તો આજે પણ ગામડામાં જમીનો 'ભાગવીલ્ર આપવાની વ્યવસ્થા છે. ખેડૂત પોતાની જમીન બીજા ખેડૂતોને ભાગવી આપે છે અને પેદાશની ખર્ચનો ભાગ આપીને આવક મેળવે છે. તેવી રીતે અહીં કોઈ કંપની ખેડૂતોની જમીન કોન્ટ્રાક્ટ પર વાવશે, તેને માટે ખર્ચ કરશે અને તેની પેદાશના ભાવો કરારથી અગાઉથી નક્કી થશે. આનાથી ખેડૂતોને ઉત્પાદનનું જોખમ અને ભાવ બંનેની ચિંતામાંથી મુક્તિ મળશે. આના કારણે આવા ખેડૂતો અને કરાર કરનાર કંપનીઓ બીજ, ટેક્નિકલ સુવિધા, ધિરાણ, વીમો વગેરેની સગવડો પણ ઉપલબ્ધ કરાવી શકશે. આમ ખેતી ક્ષેત્રે ખાનગી મૂડીરોકાણની જે સમસ્યા હતી તે હલ થશે અને ખેતીક્ષેત્રે ખાનગી મૂડીરોકાણ વધશે તથા ખેડૂતોની ખર્ચની સમસ્યા પણ હલ થશે. અને ખેતીક્ષેત્રે મૂડીરોકાણ વધતાં માળખાગત સુવિધાઓ પણ વધશે.

વળી, આવી કોન્ટ્રાક્ટ પ્રથા ખેડૂતો માટે ફરજિયાત નથી. જે ખેડૂત કે તેમની મંડળી અથવા સંગઠનને આવો કરાર કરવો હોય તો તે સ્વૈચ્છિક છે. ઉપરાંત કરાર જે તે સિઝન પૂરતો કે કરાર મુજબ અમુક વર્ષ સુધીનો હોય છે. એ કોઈ કાયમી હોતો નથી. મૂળ વાત ખેડૂતોએ કરાર પોતાની સ્થાનિક ભાષામાં પોતે સમજી શકે તેવો કરવાનો કંપની સાથે આગ્રહ રાખવો જોઈએ અને કરારની શરતો સમજી વિચારીને કરવી જોઈએ. જેથી પાછળથી વિવાદ ન થાય.

ત્રીજો સુધારો બટાકા, ડુંગળી, દાળ, કઠોળ, તેલ અને તેલીબિયાંને આવશ્યકચીજ ધારામાંથી મુક્તિ અપાઈ છે તે છે. એટલે કે અત્યાર સુધી આ ચીજોનો સંગ્રહ થઈ શકતો ન હતો. વેપારીઓ સંગ્રહ કરીને કાળાબજારી કરીને વધુ ભાવો લેતા હતા. પણ આ જોગવાઈ જ્યારે આ ચીજવસ્તુઓની અછત હતી, પૂરતા પ્રમાણમાં તે પાકતી ન હતી ત્યારે ખૂબ જ જરૂરી હતી. હવે તો નિકાસ થવા લાગી છે. વળી, વેપારીઓને સંગ્રહની છૂટ મળશે તો કાનૂની ભય વિના વધુ ખરીદી કરી શકાશે. જેનો લાભ ખેડૂતોને થશે. આમાં પણ ઉપભોક્તાઓના હિતોનો ખ્યાલ રાખવામાં આવ્યો છે. દુકાળ, યુદ્ધ કે કુદરતી આપત્તિ સમયે આ જોગવાઈ લાગુ નહીં પડે અને સંગ્રહની મર્યાદા લાદી શકાશે. જેથી લોકોને ભાવવધારાનો ભોગ ન બનવું પડે.

આમ આ ત્રણેય કૃષિ વિષયક સુધારાથી ખેડૂતોને લાભ થશે અને ખેતીક્ષેત્રે મૂડીરોકાણમાં વૃદ્ધિ થશે.

**મણિલાલ એમ. પટેલ**

**લેખક શ્રી ગુજરાતના એક વરિષ્ઠ પત્રકાર છે.**

### ગાબડું

**● અનુસંધાન પહેલાનું ચાલુ**

પછડાટના કારણે રોકાણકારોના ૧૧ લાખ કરોડ રૂપિયાથી વધારેની રકમ ડૂબી ગઈ છે. છેલ્લા ૬ ક્વાર્ટરમાં નિફ્ટીની ૪૯ કંપનીના રોકાણ ડૂબ્યા છે. ઈંડસઈંડ બેંક, ટાટા મોટર્સ, ટાટા સ્ટીલ અને ભારતી ઈન્ફ્રાટેલના શેરમાં ક્રમશઃ ૨૧ ટકા, ૧૯ ટકા, ૧૫ ટકા અને ૧૪.૨૦ ટકાનો ઘટાડો થયો છે. બીજી બાજૂ ફક્ત ડો. રેડ્ડીઝના શેરમાં જ ૯.૩૦ ટકાની તેજી જોવા મળી છે.

ભારતીય શેરબજારમાં ચાલુ સપ્તાહથી સતત ઘટાડો જોવા મળી રહ્યો છે. સોમવારથી લઈને આજે ગુરુવાર સુધીમાં સેન્સેક્સમાં ૨૨૯૩.૧૧ પોઈન્ટનો ઘટાડો થયો હતો. તેવી જ રીતે નિફ્ટીમાં ૪૪૫ પોઈન્ટની નરમાઈ જોવા મળી છે. માર્કેટ એનાલિસ્ટના જણાવ્યા પ્રમાણે ચાલુ સપ્તાહે દેશ અને વિદેશનાં અગત્યનાં અર્થતંત્રને લગતા અગત્યના ડેટા જાહેર થયા હતા, જે મોટા ભાગે નકારાત્મક રહેતાં શેર માર્કેટમાં મંદી જણાઈ રહી છે. માર્કેટ વિશ્લેષકોના મતે કોરોનાની રસીમાં થઈ રહેલા વિલંબ અને વૈશ્વિક અર્થતંત્રમાં રિકવરી નબળી હોવાથી સ્ટોકમાં વેચવાલી વધુ રહે છે. આ સાથે જ સપ્ટેમ્બર મહિના માટે ફ્યુચર્સ એન્ડ ઓપ્શન્સ માટે આજે છેલ્લો દિવસ હોવાથી સેટલમેન્ટમાં વેચવાલી વધુ રહી હતી, જેને કારણે ગુરુવારે સ્ટોક માર્કેટમાં કડાકો બોલી ગયો હતો. ફોરેક્સમાં ડોલર સામે રૂપિયો પણ ૩૨ પૈસા ગગડીને ૭૩.૮૯ની સપાટીએ બંધ રહ્યો હતો.

### 'ભારત બંધ'

**● અનુસંધાન પહેલાનું ચાલુ**

કોરોના મહામારીને પગલે રેલવેએ સામાન્ય પ્રવાસી ટ્રેનોનું સંચાલન અનિશ્ચિતકાળ સુધી બંધ રાખ્યું છે. તંત્ર દ્વારા વિશેષ ટ્રેનો દોડાવવામાં આવી રહી છે.

સૌપ્રથમ કિસાન મજદૂર સંઘર્ષ સમિતિએ રેલ રોકો આંદોલનની જાહેરાત કરી હતી જેને બાદમાં તમામ ખેડૂત સંગઠનોએ સમર્થન આપ્યું હતું. ગુરુવારે ભારતીય કિસાન સંઘના કાર્યકરોએ બરનાલા અને સંગરુપ ખાતે સવારમાં રેલવે ટ્રેક પર બેસીનો વિરોધ કર્યો હતો. દરમિયાન કિસાન મજજૂર સંઘર્ષ સમિતિના નેજા હેઠળ ખેડૂતોએ અમૃતસરના દેવીદાસપુર અને ફીરોઝપુરના બસ્તી ટંકાવાલા ખાતે પણ રેલવે ટ્રેક પર વિરોધ પ્રદર્શનો કર્યા હતા. સમિતિના અધ્યક્ષ સતનામ સિંહ પન્નુએ જણાવ્યું કે અમે તમામ વિપક્ષ રાજકીય પક્ષો, મંત્રીઓ, ધારાસભ્યો અને સાંસદોને પણ ખેડૂતોના સમર્થનમાં વિરોધ પ્રદર્શનમાં જોડાવવા અપીલ કરી છે. તેમણે કહ્યું કે અમે ભાજપના નેતાઓનો ઘેરાવ કરીશું તેમજ જે સાંસદે ખેડૂત બિલના સમર્થનમાં મત આપ્યો હશે તેમનો બહિષ્કાર પણ કરીશું.

રાજ્યસભામાં રવિવારે અને સોમવારે મળીને ત્રણ કૃષિ સંલગ્ન બિલો પસાર કરવામાં આવ્યા હતા. આ બિલોને લઈને ખેડૂતોમાં આક્રોશ જોવા મળે છે. વિપક્ષ દળોના વિરોધ વચ્ચે આ બિલો પસાર કરવામાં આવ્યા હતા.

### ૧૨૦૦ને પાર

**● અનુસંધાન છેલ્લાનું ચાલુ**

હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૨ માંથી એક ૬૫ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૨૮ માંથી પણ આજે બે કેસ મળી આવ્યા છે. સરકારી કચેરીઓમાં વ્યવસાય સાથે સંકળાયેલ ૫૨ વર્ષીય વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત ૫૦ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૨૯ માંથી એક ૨૯ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૨૧ માંથી આજે બે કેસ મળી આવ્યા છે. અમદાવાદની અખંડઆનંદ આયુર્વેદ કોલેજમાં નોકરી કરતા ૫૦ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત ૬૬ વર્ષીય નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૩૦ માં રહેતા અને છાલા ખાતે ખાનગી પ્રેકટીસ કરતા તબીબનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમણે પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૨૪ માંથી પણ આજે એક કેસ મળી આવેલ છે. સરગાસણ ખાતે ડિલીવરી બોય તરીકે ખાનગી નોકરી કરતા ૫૪ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે.

સે. ૫ માંથી એક ૫૪ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૨૩ માંથી રાંધેજા ખાતે ખાનગી વેપાર કરતા ૪૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ વેપારીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૮ માંથી એક ૮૧ વર્ષીય વૃદ્ધાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. શહેરમાં હોમ આઈસોલેશન હેઠળ સારવાર લેનાર દર્દીઓની સંખ્યા ૧૦૦ને પાર કરી ગઈ છે. શહેરમાં રિકવરી રેટ સારો છે. આજે વધુ ૧૪ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે શહેરમાં ૯૮૦ જેટલા દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

### વધુ ૧૯ કેસ

**● અનુસંધાન છેલ્લાનું ચાલુ**

પોઝીટીવ આવ્યો છે. મગોડી (લાટ) ગામેથી ૬૬ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. દંતાલી ગામેતી ૪૬ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. દહેગામમાં આજે બે કેસ મળી આવ્યા છે. જેમાં એક કેસ અર્બન વિસ્તારમાંથી અને એક કેસ ગ્રામ્ય વિસ્તારમાંથી મળ્યો છે.

દહેગામ અર્બનમાંથી ૩૧ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. જ્યારે સાણોદા ગામેથી ૭૫ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સાણોદાના વૃદ્ધને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

માણસામાંથી પણ આજે વધુ બે કેસ મળી આવ્યા છે. જેમાં એક કેસ ગ્રામ્ય વિસ્તાર અને એક કેસ અર્બન વિસ્તારમાં નોંધાયો છે.

માણસા તાલુકાના વેડા ગામેથી ૫૨ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. જેણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. અર્બન વિસ્તારમાંથી ૭૩ વર્ષીય વૃદ્ધાનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણીનીને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ છે. કલોલ તાલુકામાંથી આજે વધુ ૪ કેસ મળ્યા છે જેમાં બે ગ્રામ્ય વિસ્તારના અને બે કેસ અર્બન વિસ્તારના કેસોનો સમાવેશ થાય છે.

તાલુકાના છત્રાલ ગામેથી ૨૪ વર્ષીય યુવાન તેમજ ૨૦ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. છત્રાલમાં જે રીતે કેસો વધી રહ્યા છે તેને પગલે તંત્રની ચિંતામાં વધારો થયો છે. કલોલ અર્બન-૧ વિસ્તારમાંથી પણ આજે બે કેસ મળ્યા છે. જેમાં ૫૦ વર્ષીય પુરૂષ અને ૫૭ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં રિકવરી રેટ સુધરી રહ્યાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આજે વધુ ૨૭ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવ્યુ છે. આ સાથે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૧૭૯૭ લોકો કોરોના મુક્ત બન્યા છે. જિલ્લામાં આજે ૧૯૧ કેસ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જિલ્લામાં આજે ૧૪,૪૩૭ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા છે.

### સાઈટ નક્કી થશે

**● અનુસંધાન છેલ્લાનું ચાલુ**

જયારે હજુ પણ શહેરમાં સરકારી આવાસોની જરૂરિયાત છે. જેને ધ્યાને લઈને હજુ પણ નવા આવાસો બાંધવા માટે આયોજન કરવામાં આવી રહ્યુ છે. થોડા સમય અગાઉ સે-૩૦ ના નવા આવાસોના લોકાર્પણ પ્રસંગે પણ નાયબ મુખ્યમંત્રી નિતીન પટેલ આ અંગે જાહેરાત કરી હતી જેમાં શહેરમાં કર્મચારીઓને તેમના પરિવારજનોની સુવિધાને ધ્યાને લઈ નવા મકાનો બાંધવા માટે ટુંકમાં જ આયોજન કરવાની વાત પણ કરી હતી. હાલ શહેરના સેકટરોમાં જુના અને જર્જરિત મકાનો તોડવામાં આવી રહ્યા છે. જયારે જુના આવાસોના નિકાલની સાથે નવા બાંધવા માટે પણ તબક્કાવાર આયોજન કરવામાં આવી રહ્યા છે. સે-૬ ની સાથે શહેરમાં અન્ય સેકટરોમાં પણ ટુંકમાં નવી યોજના તૈયાર કરવા માટે સાઈટ નક્કી કરાશે. શહેરના સેકટરોમાં જુના આવાસો તોડવામાં આવ્યા બાદ ખુલ્લી થયેલી જગ્યા અંગે તંત્રએ વિભાગના ઉચ્ચ અધિકારીઓને રીપોર્ટ સુપ્રત કરી દીધો છે.